# BUSINESS મિત્ર

### 10 સપ્તાહના સૌથી મોટા કડાકા સાથે નિફ્ટી 23100ની નીચે

# સેન્સેક્સ 1246 પોઈન્ટ તૂટ્યો, રોકાણકારોના 4 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 24: એશિયાના મોટા ભાગના બજારોમાં વેચવાલી હાવી રહેતા આજે શરૂઆતથી જ ભારતીય શેરબજાર લાલ નિશાનમાં ખુલ્યા હતા, આજે સેન્સેક્સની મંથલી એકસપાયરીએ હોબાળો મચી ગયો હતો અને સેન્સેક્સ 1246 પોઈન્ટ તુટયો હતો, જ્યારે નિફ્ટી 23100 પોઈન્ટની નીચે સરકી ગઈ હતી. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. જેના લીધે રોકાણકારોના ચાર લાખ કરોડથી વધુ સ્વાહા થઈ ગયા હતા.

સપ્ટેમ્બરમાં નવા ઓર્ડરમાં ઉછાળાના કાણે યુએસમાં વ્યાવસાયિક પ્રવૃત્તિ પાંચ વર્ષના ઉંચા સ્તરે પહોંચી હતી. જ્યારે યુએસ 10 વર્ષીય ટ્રેઝરી યીલ્ડ 2007થી રેકોર્ડ સ્તરે પહોંચી જતા વ્યાજદરમાં વધારાની અપેક્ષાઓ વધી હતી. આ ઉપરાંત, ક્રુડ ઓઈલના ભાવમાં ફરીથી ઉછાળો આવ્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચેના કારર અંગેની અનિશ્ચિતતાની અસર જોવા મળી હતી. આ સાથે સેન્સેક્સ મંથલી એકસપાયરીના પગલે વધુ નરમાઈ જોવા મળી હતી. બેન્કીગ શેરોમાં પણ દબાણ રહ્યું હતું. ખાનગી બેન્ક ઈન્ડેક્સ 2 ટકા અને પીએસયુ બેન્ક ઈન્ડેકસ એક ટકા ઘટ્યો હતો.

### રૂપિયો વધુ નબળો પડ્યો, 96 તરફ

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.95 રૂ. |
| યુરો | 109.03 રૂ. |
| પાઉન્ડ | 126.25 રૂ. |
| યેન | 0.6044 રૂ. |

ક્રુડ ઓઇલના ભાવ ઉછળીને 96 ડોલર પ્રતિ બેરલ થતા અને યુએસ યીલ્ડ નવી ઉંચાઇએ પહોંચતા ડોલર ઉછળતા રૂપિયો નબળો પડ્યો હતો અને 96ની નીજક સરક્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 21 પૈસા ઘટીને 95.96ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.75ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.03, પાઉન્ડ 126.25, કેનેડિયન ડોલર 68.04, ઓસ્ટ્રેલિયન ડોલર 67.16, જાપાનીઝ યેન 0.6044 અને સીંગાપોર ડોલર 74.96ના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 1247.7 પોઈન્ટ એટલે કે 1.67 ટકા તૂટીને 73580.54 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74362.29 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે નીચામા 73563 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 383.70 પોઈન્ટ એટલે કે 1.64 ટકા ઘટીને 23063.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23281 પોઈન્ટ સુધી વધી હતી, જ્યારે નીચામાં 23046 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1110.40 પોઈન્ટ એટલે કે 1.96 ટકા ઘટીને 55438.50 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ગોદરેજ કન્ઝયુમર 94.02 ગણા, સીટી યુનિયન બેન્કમાં 14.78 ગણા, મેક્સ ફાઈ.માં 10.51 ગણા, 360 વન વામ લિ.માં 10.25 ગણા અને આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલમાં 9.82 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે મેક્સ ફાઈ.માં 13.78 ગણા, વર્ધમાન ટેકસટાઈલ્સમાં 7.91 ગણા, એલ એન્ડ ટી ફાઈ.માં 7.65 ગણા, કેપલીન પિન્ટમાં 7.16 ગણા અને કેનેરા એચએસબીસી લાઈફમાં 7.08 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નરમાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 2.07 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 1.28 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળાઈ જોવા મળી હતી. બીએસઈ ખાતે 1476 શેરો વધ્યા હતા, જ્યારે 2879 શેરો ઘટ્યા હતા અને 229 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 2.19 ટકા ઘટ્યા હતા. જેમાં આઈડીએફસી ફર્સ્ટ બેન્ક, બંધન બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, એકસીસ બેન્ક, આરબીએલ બેન્ક, યસ બેન્ક, કોટક મહિનદ્રા બેન્ક, એચડીએફસી બેન્ક, ફેડરલ બેન્ક અને આઈસીઆઈસીઆઈ બેન્ક ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ 200 પોઈન્ટના ઘટાડા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપ્યા છે. જ્યારે બ્રેન્ટ ક્રુડ ફયુચર્સ 2 ટકાથી વધુ ઉછળતા મોટા ભાગના યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. યુએસ ટ્રેઝરી યીલ્ડમાં તીવ્ર વધારાથી ફુગાવો અને વ્યાજદરો અંગેની ચિંતા વધી છે. 10 વર્ષની યુએસ ટ્રેઝરી યીલ્ડ વધીને 5.11 ટકા થઈ ગઈ છે. જે 2007 પછીનું સૌથી ઉચું સ્તર છે અને ટ્રમ્પની એપ્રિલ 2025ની ટેરિફ ઘોષણાથી શરૂ થયેલો બજારની અશાંતિ પછીનો સૌથી મોટી અફરાતફરી છે. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.07 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.40 ટકા અને ડેક્સ 0.19 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.89 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.47 ટકા, હેંગસેંગ 0.25 ટકા, તાઈવાન 0.28 ટકા, જકાર્તા 1.21 ટકા અને શાંઘાઈ 1.24 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1247.71 | 73580.54 |
| નિફ્ટી | -383.70 | 23063.10 |
| બેન્ક નિફ્ટી | -1110.40 | 55438.50 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સીપલા | 1.16 | 1399.00 |
| એનટીપીસી | 0.18 | 326.60 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| HDFC લાઇફ | 6.16 | 526.90 |
| બજાજ ફાઇનાન્સ | 5.87 | 982.00 |
| એકસીસ બેન્ક | 4.56 | 1186.50 |
| બજાજ ફિનસર્વ | 4.56 | 1762.30 |
| અદાણી એન્ટર | 3.11 | 2900.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન ટુબ્રો | 1.64 | 3600.35 |
| તાતા મોટર્સ | 1.26 | 987.10 |
| મારૂતિ સુઝુકી | 1.14 | 12848.15 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.93 | 2833.80 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.92 | 10930.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 5.47 | 983.15 |
| એકસીસ બેન્ક | 4.67 | 1186.50 |
| બજાજ ફિનસર્વ | 4.06 | 1771.00 |
| ઇન્ટરગ્લોબ | 2.78 | 4890.00 |
| ટ્રેન્ટ | 2.75 | 2704.00 |

# ક્રૂડ ઓઈલમાં ઉછાળાથી ખાનગી પેટ્રોલ પંપો પર ડીઝલના વેચાણ પર મર્યાદા

**ડિઝલ** પર 50 લિટરની મર્યાદા લાગુ

નવી દિલ્હી, તા. 24: ક્રુડ ઓઈલના સતત વધતા ભાવની અસર હવે પેટ્રોલ પંપો પર પણ જવા મળી રહી છે. વાસ્તવમાં દેશના કેટલાક ખાનગી પેટ્રોલ પંપો પર ગ્રાહકોને એક સમયે મર્યાદિત માત્રામાં ડિઝલ આપવામાં આવી રહ્યું છે. ઘણી જગ્યાએ વેચાણની દૈનિક મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. જોકે, દેશભરમાં તેને ડિઝલની અછત માનવામાં આવતી નથી.

એક અખબારી અહેવાલ અનુસાર કેટલાક જિયો-બીપી પંપને ગ્રાહકને વધુમાં વધુ 50 લિટર ડિઝલ આપવાની સુચના મળી છે. કેટલાક પંપને એક દિવસમાં 6000 લિટર ડિઝલ વેચવાનું કહેવાયું છે. નાયરા એનર્જીના કેટલાક પર એક સમયે ગ્રાહકને 70થી 200 લિટર ડિઝલ આપવામાં આવે છે. જોકે, આ નિયમ દરેક પેટ્રોલ પંપને લાગુ પડતો નથી, એટલે કે એવું નથી કે દેશભરમાં ડિઝલના વેચાણ પર એક જ મર્યાદા લાદવામાં આવી છે.

હાલમાં સરકારી ઓઈલ કંપનીઓના પેટ્રોલ પંપ પર આવી કિ મર્યાદા નથી. આઈઓસી, બીપીસીએલ અને એચપીસીએલે જણાવ્યું હતું કે, તેમના પંપ પર પેટ્રોલ અને ડિઝલનું વેચાણ સામાન્ય રીતે ચાલી રહ્યું છે. દેશમાં એક લાખથી વધુ પેટ્રોલ પંપો છે અને સરકારી ઓઈલ કંપનીઓમાં લગભગ 90 ટકા હિસ્સો છે. આવી સ્થિતિમાં, કેટલાક ખાનગી પંપ પર મર્યાદિત વેચાણ હોવા છતાં તેની અસર હજુય સુધી દેશભરમાં ડિઝલની અછતના રૂપમાં જોવા મળતી નથી.જોકે, ડિઝલની મર્યાદાનું સૌથી મોટું કારણ ક્રુડ ઓઈલના વધતા ભાવ છે. ઈકરાના જણાવ્યા અનુસાર 21 સપ્ટેમ્બરના રોજ ભારત માટે ક્રુડ ઓઈલની સરેરાશ કિંમત 117.4 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ હતી. તેની સરખામણીએ નાણાકીય વર્ષ 2025-26માં તે સરેરાશ 66 ડોલર પ્રતિ બેરલની આસપાસ હતું. એટલે કે ક્રુડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે.

# બજારમાં ભાગીદારી વધારવા સેબીના મોટા સુધારા

**નવા** PMS નિયમો 2026ને મંજૂરી

**પોર્ટફોલિયો** મેનેજરો હવે આઇપીઓ અને વિદેશી જામીનગીરીઓમાં પણ રોકાણ કરી શકશે

**માર્કેટ** ઇન્ટરમીડિયરીઓ હવે બ્રાન્ડ લેવલની જાહેરાત માટે સેલિબ્રિટીઓનો ઉપયોગ કરી શકશે

મુંબઈ, તા. 24(PTI): બજાર નિયમનકાર સેબીએ ગુરુવારે બજારમાં ભાગીદારી વધારવા, રોકાણના વિકલ્પોને વિસ્તૃત કરવા અને નિયમનકારી ધોરણોને સરળ બનાવવા માટે અનેક સુધારાઓને મંજૂરી આપી છે. જેમાં પોર્ટફોલિયો મેનેજમેન્ટ નિયમોમાં સુધારો, કોમોડિટી ડેરિવેટિઝમાં FPIs માટે વધુ એક્સેસ અને REIT તથા InvIT યુનિટ્સ સામે ડિપોઝિટરી રિસિપ્ટ્સ આપવાની મંજૂરીનો સમાવેશ થાય છે. સેબી બોર્ડે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (પોર્ટફોલિયો મેનેજર્સ) રેગ્યુલેશન્સ, 2026ને મંજૂરી આપી છે, જે હાલના 2020ના માળખાનું સ્થાન લેશે. આ સાથે જ પોર્ટફોલિયો મેનેજરોને ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ્સ (IPOs), પ્રાઈમરી માર્કેટ ડેબ્ટ ઈશ્યુઅન્સ અને વિદેશી સિક્યોરિટીઝની વિશાળ શ્રેણીમાં રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવી છે. નિયમનકારે FPIsને ભૌતિક રીતે સેટલ થતા, નોન-એગ્રીકલ્ચર કોમોડિટી ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સમાં ભાગ લેવાની પણ મંજૂરી આપી છે, જે ટ્રેડિંગ પિરિયડ શરૂ થાય તે પહેલાં, એક્સપાયરીના ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં તેમની સ્થિતિમાંથી બહાર નીકળવાની સુરક્ષાત્મક શરતોને આધીન રહેશે.

# લિસ્ટ થતાં જ NSE દેશની 10મી સૌથી મોટી કંપની બની

**બ્રોકરેજનો** દાવો છે કે શેર 2000ને પાર કરશે

મુંબઈ, તા. 24: દેશના સૌથી મોટા એક્સચેન્જની માર્કેટમાં એન્ટ્રી થઈ છે. લગભગ સપાટ લિસ્ટિંગ બાદ NSEના શેરના ભાવમાં 5 ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. આ શેર તેના રૂ. 1,785 ના IPO ભાવની સરખામણીએ 0.84 ટકાના પ્રીમિયમ સાથે રૂ. 1,800 પર ખુલ્યો હતો અને ત્યારબાદ વધીને રૂ. 1,878 સુધી પહોંચ્યો હતો અને ટ્રેન્ડિંગના અંતે તે એનએસઈ 1.84 ટકા વધીને રૂ. 1818 પર બંધ રહ્યો હતો. દેશના બીજા સૌથી મોટા IPO એવા NSE ના રૂ. 22,569 કરોડના ઈશ્યૂને એકંદરે લગભગ 6 ગણું સબ્સ્ક્રિપ્શન મળ્યું હતું. તેમાં વર્તમાન શેરધારકો દ્વારા 12.64 કરોડ સુધીના ઈક્વિટી શેરના 'ઓફર ફોર સેલ' (OFS) નો સમાવેશ થતો હતો.

રૂ. 4.63 લાખ કરોડના માર્કેટ કેપની સાથે NSE લિસ્ટ થતા જ દેશની 10 મી સૌથી મોટી કંપની બની છે. પહેલા જ દિવસે NSEએ માર્કેટ કેપની દ્રષ્ટિએ ટોચની 10 લિસ્ટેડ કંપનીમાં આવતા જ તેણે HUL અને સન ફાર્માને પાછળ છોડી દીધી છે.

માર્કેટ-કેપની દ્રષ્ટિએ NSE આગળ હવે 9 કંપનીઓ છે. 23 સપ્ટેમ્બર ક્લોઝિંગના હિસાબથી જુઓ, તો નજીકમાં રૂ. 16.89 લાખ સૌથી કરોડ માર્કેટ કેપ સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઉપર પ્રથમ પગદાન પર છે. તેના પછી એચડીએફસી બેંક, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ટીસીએસ, બજાજ ફાઈનાન્સ અને લાર્સન એન્ડ ટુબ્રો આવે છે. NSE પર 1,785ની IPOની કિંમત પર તેનું વેલ્યુએશન રૂ. 4.42 લાખ કરોડ હતું, પરંતુ લિસ્ટિંગ પછી તરત જ શેરમાં તેજીએ તેના વેલ્યુએશનમાં વધારો થયો છે. આઈપીઓ ની નજીકમાં 5 ની ઝડપે કંપનીના વેલ્યુએશનમાં વધારો થયો છે. તેં, NSE ની લિસ્ટેડ પીયર કંપની BSE કા માર્કેટ કેપ રૂ. 1.33 લાખ કરોડ છે. હિન્દુસ્તાન યુનિલિવર (HUL) નું માર્કેટ કેપ 23 સપ્ટેમ્બરે રૂ. 4.58 લાખ કરોડ રહ્યું. આમ, તે NSE લિસ્ટિંગ બાદ ટોપ 10 થી બહાર થઈ ગઈ છે. મેક્વેરી NSE પર આઉટપરફોર્મ રેટિંગ આપી છે સાથે 1,965 કાર ટારગેટ આપ્યો છે. બ્રોકરેજ કહે છે કે NSE ની મજબૂત બજારની ભાગીદારી, ટેક લીડરશિપ, લિક્વિડિટી અને ડાયવર્સિફસાઈડ રેવેન્યુ સોર્સેજ તેની મજબૂતી છે. Emkayએ પણ NSE પર ખરીદો રેટિંગ સાથે એક વર્ષ માટે 2,050 ટાર્ગેટ આપ્યો છે.

# વીમા ક્ષેત્રના શેરોમાં મોટો કડાકો: PB ફિનટેક 34% અને ટર્ટલમિંટ 20% તૂટ્યા

**IRDAI** દ્વારા કમિશન અને ખર્ચના નિયમોમાં ફેરફારના પ્રસ્તાવથી રોકાણકારોમાં ચિંતા

નવી દિલ્હી, તા. 24: વીમા ક્ષેત્રના શેરોમાં ભારે ઘટાડો નોંધાયો છે. જેમના વ્યાવસાયિક મોડેલ વીમા અને વિતરણના વેચાણથી થતી કમાણી પર વધુ નિર્ભર છે. તમને જણાવી દઈએ કે આ માત્ર ગ્રાહકની માહિતી પુછવાની બાબત નથી. વાસ્તવિક સમસ્યા એ વીમા વેચવાની સંપુર્ણ કિંમત અને કમિશન માળખામાં ફેરફારની છે.

આજે શેરબજારમાં વીમા ક્ષેત્રની મોટા ભાગના શેરોમાં વેચવાલી જોવા મળી હતી. પીબી ફિનટેક 34 ટકા, ટર્ટલમિન્ટ 20 ટકા જેટલો ઘટાડો બોલાઈ રહ્યો હતો. બજારને ચિંતા એ છે કે જો નવા કમિશનના નિયમો લાગુ કરવામાં આવશે તો વીમા વેચતા ડિજિટલ પ્લેટફોર્મ અન બાકી વિતરકો પહેલા જેમ કમાણી નહીં કરે.

બ્રોકરેજ ફર્મ જેફરીઝના જણાવ્યા અનુસાર કમિશનમાં 10 ટકાનો ઘટાડો વીમા વિતરક કંપનીઓની કમાણીને 10 ટકાથી 12 ટકા સુધી અસર કરી શકે છે.

આ નિયમનો અમલ થયા બાદ કંપનીઓની કમાણી પર કેટલી અસર પડશે તે સ્પષ્ટ થઈ જશે. જોકે, હાલમાં વીમા કંપનીઓ એચડીએફસી લાઈફ 5 ટકા ઘ્ટયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈરડાએ વીમા કંપનીઓના મેનેજમેન્ટના ખર્ચમાં ક્રમશઃ ઘટાડો કરવાનો પ્રસ્તાવ મુક્યો છે, એટલે કે વ્યવસાયમાંથી કમિશન, વિતરણ અન અન્ય ખર્ચમાંથી કેટલી કમાણી કરી શકે તે નક્કી કરવા માટે પગલાં લવામાં આવ્યા છે. આમ, પાંચ વર્ષમાં વર્તમાન 30 ટકા જીએમપીથી ઘટાડીને 20 ટકા જીડપી કરવાનો પ્રસ્તાવ છે.

# રશિયાથી ક્રૂડની આયાતમાં ઘટાડો

**સપ્ટેમ્બરમાં** ઈરાક અને સાઉદી અરેબિયાએ ભારતનો પુરવઠો સાચવ્યો

નવી દિલ્હી, તા. 24 (PTI) સપ્ટેમ્બરમાં ભારતની રશિયન અશુદ્ધ તેલ (ક્રૂડ)ની આયાત બેરલ પ્રતિ દિવસ (બીપીડી) આશરે 1.8 મિલિયન બેરલ આસપાસ ચાલી રહી છે, જે ઓગસ્ટથી મોટે ભાગે સ્થિર છે, પરંતુ જુલાઈના સ્તર કરતાં ઓછી છે. રિફાઈનરી મેન્ટેનન્સ અને ચીનની મજબૂત ખરીદીને કારણે રશિયન તેલની સપ્લાય ઓછી થઈ હતી, જ્યારે મધ્ય પૂર્વના સપ્લાયર્સ આ તફાવત પૂરો કરવા માટે આગળ આવ્યા હતા. ગ્લોબલ કમોડિટીઝ ડેટા અને એનાલિટિક્સ ફર્મ 'કેપીએલઈઆર'ના ડેટા અનુસાર, ભારતે જુલાઈમાં 2.82 મિલિયન બીપીડી રશિયન ક્રૂડની આયાત કરી હતી, જે ઓગસ્ટમાં ઘટીને 2.08 મિલિયન બીપીડી થઈ ગઈ હતી. ઈરાક અને સાઉદી અરેબિયાએ રશિયન વોલ્યુમમાં થયેલા ઘટાડાની ભરપાઈ કરી હતી. ઈરાકે આ મહિને આશરે 505,000 બીપીડી ક્રૂડનો પુરવઠો પૂરો પાડ્યો હતો, જે ઓગસ્ટમાં 163,000 બીપીડી હતો. સાઉદીનું વોલ્યુમ પણ ઓગસ્ટમાં 347,000 બીપીડીથી વધીને સપ્ટેમ્બરમાં 576,000 બીપીડી થયું હતું. યુએઈએ 522,000 બીપીડીનો પુરવઠો આપ્યો હતો, જે ઓગસ્ટના 546,000 બીપીડીથી મોટે ભાગે અપરિવર્તિત છે. કેપીએલઈઆરના રિફાઈનિંગ માટેના લીડ એનાલિસ્ટ નિખિલ દુબેએ જણાવ્યું હતું કે, ઓગસ્ટમાં રશિયન આયાતમાં થયેલો ઘટાડો નિકાસ માળખાકીય સુવિધાઓમાં વિક્ષેપને કારણે રશિયન નિકાસમાં થયેલા ઘટાડા સાથે પણ જોડાયેલો હતો.

### ભાવ પ્રતિ 10 ગ્રામ રૂ. 1.5 લાખની નજીક પહોંચ્યા

# સોનાના વાયદા ભાવમાં ઘટાડો જારી

નવી દિલ્હી, તા. 24 (PTI): ગુરુવારે સોનાના વાયદા ભાવમાં સતત ચોથા સત્રમાં ઘટાડો નોંધાયો હતો. ભાવ 833 ઘટીને 1.5 લાખ પ્રતિ 10 ગ્રામના સ્તર પર આવી ગયા. અમેરિકી ડોલરમાં મજબૂતી અને વૈશ્વિક સ્તરે મંદીના વલણને કારણે રોકાણકારો આ કિંમતી ધાતુથી દૂર રહ્યા હતા.

મલ્ટી કમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ઓક્ટોબર ડિલિવરી માટે સોનાનો વાયદા ભાવ 833 અથવા 0.55 ટકા ઘટીને 1,50,466 પ્રતિ 10 ગ્રામ થયો હતો.

ચોઈસ બ્રોકિંગના કમોડિટી અને કરન્સી એનાલિસ્ટ (ટેક્નિકલ રિસર્ચ) આમિર મકદાએ જણાવ્યું હતું કે, "મજબૂત અમેરિકી ડોલર અને ટ્રેઝરી યીલ્ડના કારણે એમસીએક્સ પર સોનામાં ઘટાડાનું વલણ ચાલુ છે."

મકદાએ ઉમેર્યું કે, અપેક્ષા કરતાં સારા અમેરિકી ખાનગી ક્ષેત્રના રોજગારના આંકડાઓએ ફુગાવાની ચિંતા વધારી દીધી છે અને ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધુ વધારાની આશંકાઓને મજબૂત કરી છે, જેનાથી સોના પર દબાણ વધુ વધ્યું છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ ” | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ ” | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ ” | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| ગુજરાત | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૮૬૦ |
| તેજાબી સોનું | ૧૫૫૭૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૦૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૭૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૮૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૪૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૬૨૦૦ |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**તદન નવું**
KONICA MINOLTA ઝેરોક્ષ મશીન 22,000માં લઈ જાવ 9909927409 (325)

**જુના AC**
લેવામાં આવશે. ચાલુ કે બંધ હાલતમાં Mo. 9316100413, 6358258722

**જુના બંધ AC**
જુના બંધ 2 વ્હીલર, 4 વ્હીલર માટે સંપર્ક કરજો Mo. 9316100413 Mo. 6358258722

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**મકાન બાંધકામ**
તેમજ રીનોવેશન કામ કરી આપવામાં આવશે. સીવીલ કોન્ટ્રાક્ટર, Mobile: 9925533984

**મિલ્કત ભાડેથી**

**લાંબા લીઝ માટે જગ્યા**
ઉપલબ્ધ- વેસુ લોકેશન: શ્યામબાબા મંદિર સામે, વેસુ (પ્રાઈમ લોકેશન) સાઈઝ: ૧૦૦થી ૮૦૦૦ કાર્પેટ (દુકાન- ઓફિસ) રૂફટોપ: કાફે/ રેસ્ટોરન્ટ માટે ખાસ સ્પેસ સંપર્ક: 7433025047

**મિલ્કત વેચવાની છે**

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**આનંદ મહેલ રોડ**
પાસે રો- હાઉસ વેચાણથી આપવાનુ છે. Mo. 9662140043

**વોડ નં= ૧ અઠવાગેટ**
સુરત જોલી પ્લાઝા નં ૬૧૦- ઓફીસ ૬૨૫- ચોફુટ વેચવાની છે મો. ૯૮૨૫૨૭૮૨૭૮

**માઁ ખોડિયાર જ્યોતિષ**
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
Come & Consult Your All Problems Solution
રડવાથી નહીં મળવા થી દુઃખ દુર થશે કોઈ પણ સમસ્યા મુડ થી ખતમ
શિરામણી શાસ્ત્ર વિતેલુ ભાગ્ય નથી પામતું, જ્યોતિષ ભૂત, વર્તમાન, ભવિષ્ય ત્રણેય કાળ બતાવે છે. વિઘ્ન લેખ માણસ ભોગવે, નવ ગ્રહ અનુરૂપ ગૃહ મારે, ગૃહ તારે, ગૃહ બનાવે જીવન રૂપ.
જેવી રીતે હસ્ત-રેખા, મસ્તક રેખા, જન્મ પત્રીકા અને ફોટો જોઈ ને જીવનનું બધુજ હાલ બતાવી શકાય છે. પ્રેમ પ્યાર, લગ્ન માં વિલંબ, સૌતન દુશ્મન થી છુટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નોકરી અને વ્યાપાર રૂકાવટ, અભ્યાસ માં નાપાસ-પાસ, પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ, મુકદમાં, કોર્ટ કેસ, રાજનીતિ માં વિજય, ગુપ્ત બિમારી અથવા કોઈ પણ પ્રકારનું શારિરીક દુઃખ, નજર દોષ, સારો પાક ન થવો, પાક માં બાધા થવી, જમીન દોષ, પિતૃ દોષ, લક્ષ્મી દોષ, કોઈ પણ બહેન ને સંતાન ન થવુ અથવા આવી ને મરી જવું, વિદેશ યાત્રા માં વિલંબ, મન પસંદ પ્યાર, પ્યાર માં ધોખા, પ્રેમ વિવાહ, શત્રુઓથી મુક્તિ વગેરે કઠિન માં કઠિન સમસ્યાઓનું સમાધાન સરળ અને સસ્તા ઉપાય માટે મળો.
સમસ્યા છે તો સમાધાન પણ છે પરમાત્મા પર વિશ્વાસ છે. તો એક વાર અવશ્ય મળો. બધા જ્યોતિષ વારંવાર સત્ય પર વિશ્વાસ એક જ વાર
બહેનો માટે ખાસ કામ, વાત / મુલાકાત ખાનગી બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-1, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

**પલસાણા -**
તા- પલસાણા વનિતા ફાર્મમાં ૪૫૦- વારના ફાર્મ હાઉસ પ્લોટ ૪૫૦ વારના પ્લોટ નં ૨૯ વેચવાનો છે મો. ૯૮૨૫૨૭૮૨૭૮

**મોટી આવકવાળી**
મોટા ભાડાવાળી જમ્બો શોપ પરશુરામ ગાર્ડન સામે વેચવાની. Mo. 9157622115

**પ્લોટ વેચવાનો છે**
113 વાર સારી સોસાયટી ન્યૂ સિટીલાઈટ ૯૮૨૫૧૦૯૪૦૦

**વેચાવાની છે**
**દુકાન (શોપ)**
દુકાન નંબર B-17, B- 19, "કેનોપસ" ઘોડદોડ રોડ, સુરત. M.:9825144143

**મિલ્કત ભાડે -વેચાણ**

**પ્લોટ- શેડ**
ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સ્ટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

**ઓફીસ ભાડેથી**
યા વેચાણથી, ફર્નીચર સાથે, આપવાની છે. ૫૦૩/ ૫૦૪, ગોલ્ડન પોઈન્ટ, બેગમપુરા, રીંગરોડ, ફાલસાવાડી નાકે, ટેલીફોન ભવન પાસે. Mobile: 9825112599

**નોકરી વિષયક**

**જોઇએ છે - સેલ્સ / માર્કેટિંગ**
એક્ઝિક્યુટિવ સુરત સ્થિત Surat RMC India Pvt Ltd (રેડી મિક્સ કોંક્રીટ) કંપની માટે માર્કેટિંગ અને સેલ્સ વિભાગ માટે અનુભવી / બિન-અનુભવી વ્યક્તિ જોઈએ છે. રસ ધરાવતા ઉમેદવારો સંપર્ક કરે. Mobile / WA: 97272 89341. ઈમેઈલ: raghavbuildcon. 2005@gmail.com

**પાર્ટ ટાઈમ ઓફિસ**
વર્ક રેન્ટ કલેકશન એકાઉન્ટન્ટ જોઈએ છે કોનટેક્ટ અબ્બાસભાઈ બદ્રી 9898078652

**રિયલ એસ્ટેટ**
પ્રોજેક્ટ સેલ્સમાં અનુભવી વ્યક્તિની તાત્કાલિક જરૂરિયાત છે. સુરત 8866279444

ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટીના અનુદાનિત સંસ્થા નવોદય ટ્રસ્ટ સુરત ટી.આઈ FSW પ્રોજેક્ટ માટે નીચે મુજબ જગ્યા ભરતી કરવાની હોવાથી
પ્રોગ્રામ મેનેજર-૧ — MSW / સાયકોલોજી માં અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ) પગાર: ૨૧,૦૦૦/- + ૧,૪૦૦/- (TA)
કાઉન્સિલર-૦૧ — MSW / સાયકોલોજી માં અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ) પગાર: ૧૬,૦૦૦/- + ૧,૨૦૦/- (TA)
એમ.એન્ડ.ઈ(એકાઉન્ટન્ટ)૧ — બી.કોમ. (Tally) સાથે પગાર: ૧૬,૦૦૦/- + ૯૦૦/- (TA)
ઓ.આર.ડબલ્યુ - ૦૫ — ધોરણ ૧૦ પાસ પગાર: ૧૦,૫૦૦/- + ૧,૫૦૦/- (TA)
નોંધ: રસ ધરાવનાર ઉમેદવારે સ્વખર્ચે ઓરિજિનલ દસ્તાવેજો સાથે નીચે મુજબના સરનામે તારીખ ૦૧/૧૦/૨૦૨૬ ને સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેવું.
સરનામું: નવોદય ટ્રસ્ટ, એ- ચોથો માળ, સાર કોર્પોરેટ સેન્ટર,કિષ્ના પેટ્રોલ પંપ પાસે, ઉધના મેઈન રોડ, સુરત - ૩૯૫૦૦૨.
મોબાઇલ નંબર : નૂરી કુંવર ૭૨૦૨૯૦૦૦૫૫ ૯૮૯૮૮૬૯૩૮૪

**જોઈએ છે,**
રેડીમેન્ટ ગારમેન્ટના અનુભવી સેલ્સમેન, હેલ્પર, ભાગળ, લીમડાચોક, સુરત. Mobile: 9825270483

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**ઓમશિવ ટ્રાવેર્લ્સ**
26 રાત્રે, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીગ, પંઢરપુર, કોલ્હાપુર. દિવાળી, બેસતુવર્ષ (તિરૂપતી બાલાજી, શ્રીશૈલમ, રામેશ્વરમ) (હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા) (જગન્નાથપુરી, કલક્તા, ગંગાસાગર) ખરવરશેરી, ભાગળ, સુરત. 9537838949, 9327199997

**(સાગર) 9427113317,**
જેસલમેર રણમાં ટેન્ટમાં, દીપાવલીમાં ગોવા મહાબળેશ્વર, (ઈગતપુરી લોનાવાલા, મહાબળેશ્વર)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, ચારધામ, ઉત્તરાખંડ, હરિદ્વાર. તારીખ- 10/10, દિવસ- 15. દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/11, 24/11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેગટોક, નેપાળ. તારીખ- 11/11, દિવસ- 19, દિવસ- 12, (3) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, તારીખ- 11/11, દિવસ- 12 (4) ભૂતાન. તારીખ- 10/12, 05/01, દિવસ-8. (5) રોયલ કાશ્મીર, વૈષ્ણોદેવી. તારીખ-15/01, 16/02. દિવસ- 11.- દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર


*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*